
सत्यमेव जयते
न्याय विभाग
Department of Justice
भारत सरकार
Government of India

# બંધારણ દિવસ અને નાગરિકોની ફરજો

## 26 નવેમ્બર, 2019 – 26 નવેમ્બર, 2020




"જો બંધારણ સરકાર દ્વારા અનુસરવામાં આવતો માત્ર દસ્તાવેજ બનીને રહી જાય, તો લોકશાહીને હાનિ પહોંચશે, એટલે જ બંધારણને મૂળિયા સુધી પહોંચાડવાની જરૂર છે."

નરેન્દ્ર મોદી,
પ્રધાનમંત્રી

## ભારતનું બંધારણ

- ભારતનું બંધારણ પાયાનો કાયદો છે, જેનાં પર આપણાં દેશનું મૂળભૂત રાજકીય માળખું ઊભું છે. એ સંસદીય લોકશાહી વ્યવસ્થા સ્થાપિત કરે છે અને સંઘીય માળખા સાથે દેશને પ્રજાસત્તાક બનાવે છે.
- ભારતીય બંધારણ આપણાં પૂર્વજોની દૃષ્ટિ અને મૂલ્યો ધરાવે છે. એ તેમના સામાજિક, રાજકીય અને આર્થિક સિદ્ધાંતો, વિશ્વાસ અને ઇચ્છાશક્તિનું પ્રતિનિધિત્વ કરે છે.
- બંધારણ પ્રજાસત્તાક ભારતનાં મુખ્ય અંગોને પરિભાષિત કરે છે – કાર્યકારિણી, ધારાસભા અને ન્યાયતંત્ર – તેમજ તેમની સત્તાને પરિભાષિત કરે છે અને તેમની જવાબદારીઓને અંકિત કરે છે.
- ભારતીય બંધારણની મુખ્ય ખાસિયતો
  - સરકારની સંસદીય વ્યવસ્થા
  - સંઘીય માળખું
  - ધર્મનિરપેક્ષ રાજ્ય
  - સ્વતંત્ર ન્યાયતંત્ર
  - મૂળભૂત અધિકારો અને ફરજો
  - સરકારની નીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો
  - નાગરિકતા
  - પુખ્ત મતાધિકાર
- ભારતીય બંધારણ દુનિયાનું સૌથી લાંબું અને સૌથી વધુ વિગત ધરાવતું બંધારણ છે, જેની પ્રેરણા અમેરિકા, બ્રિટન, આયર્લેન્ડ, રશિયા વગેરેમાંથી લેવામાં આવી છે.
- બંધારણમાં 395 કલમો, 22 ભાગ અને 12 પરિશિષ્ટ છે.



અંગ્રેજીમાં ભારતીય બંધારણની કેલિગ્રાફિક નકલનું કવર પેજ

બંધારણની મૂળ હસ્તપ્રત ચર્મપત્ર પર લખાઇ હતી, જેની સાઇઝ 16x22 છે, એ પ્રત હજારો વર્ષો સુધી ટકી રહેશે. આ હસ્તપ્રતમાં 251 પાનાં છે અને તેનું કુલ વજન 3.75 કિલોગ્રામ છે.

"જો બંધારણને સરળ ભાષામાં મારે કહેવું હોય તો આપણું બંધારણ આ બંને મૂળ મંત્રોને સાકાર કરે છે."

નરેન્દ્ર મોદી,
પ્રધાનમંત્રી

# બંધારણ સભા અને બંધારણની રચના

બંધારણસભાએ ભારતીય બંધારણનો મુસદ્દો વર્ષ 1946 અને 1949 વચ્ચે ઘડ્યો હતો (કેબિનેટ મિશનની 1946ની યોજના હેઠળ બંધારણ સભાની રચના થઈ હતી). ડૉ. રાજેન્દ્ર પ્રસાદે આ સંસ્થાનાં અધ્યક્ષ તરીકે સેવા આપી હતી.

સભાએ ત્રણ વર્ષથી ઓછા સમયમાં (1946-1949) બંધારણનો મુસદ્દો ઘડ્યો હતો, જેમાં 299 સભ્યો (15 મહિલાઓ સહિત) સામેલ હતા.

બંધારણસભાનાં સભ્યોએ ડિસેમ્બર, 1946થી નવેમ્બર, 1949 સુધી 11 બેઠકો યોજી હતી.

29 ઓગસ્ટ, 1947નાં રોજ બંધારણસભાએ બંધારણનો મુસદ્દો ઘડવા ડૉ. બી આર આંબેડકરની અધ્યક્ષતામાં મુસદ્દા સમિતિની રચના કરી હતી.


ડિસેમ્બર, 1946માં બંધારણ સભાનું સત્ર

"ભારતે આદરણીય બાબાસાહેબ આંબેડકરજીનાં નેતૃત્વમાં સમાવેશક બંધારણની રચના કરી છે. આ સમાવેશક બંધારણ નવા ભારતનું નિર્માણ કરવા માટેનાં નિર્ધારનો પાયો છે. તે આપણને કેટલીક જવાબદારીઓ સોંપે છે અને આપણાં પર થોડી મર્યાદાઓ લાદે છે."

નરેન્દ્ર મોદી,
પ્રધાનમંત્રી

"બંધારણ ફક્ત કાયદેસર દસ્તાવેજ નથી, પણ આ જીવનનું સંચાલકબળ છે અને તેનો આત્મા હંમેશા યુગની ભાવના છે."

ડૉ. બી આર આંબેડકર


બી આર આંબેડકરનું તૈલીચિત્ર


કેબિનેટ મિશનની ભલામણ મુજબ, બંધારણસભાનાં સભ્યોની પસંદગી પ્રાંતીય ધારાસભા દ્વારા પરોક્ષ ચૂંટણીઓ દ્વારા કરવામાં આવી હતી. ધારાસભામાં 299 સભ્યો હતા, જે પૈકી 229 પ્રાંતો અને 70 રાજ્યોનું પ્રતિનિધિત્વ કરતા હતાં.

ભારતનું બંધારણ 26 નવેમ્બર, 1949નાં રોજ સ્વીકારવામાં આવ્યું હતું. તેનો અમલ 26 જાન્યુઆરી, 1950ના રોજ શરૂ થયો હતો. એ દિવસે બંધારણસભાનો અંત આવ્યો હતો અને જ્યાં સુધી 1952માં નવી સંસદની રચના થઈ નહોતી, ત્યાં સુધી તે ભારતની કામચલાઉ સંસદમાં પરિવર્તિત થઈ હતી.જ્યારે બંધારણનાં મુસદ્દા પર ચર્ચા થઈ હતી, ત્યારે સભામાં રજૂ થયેલા 7635 સુધારામાંથી 2473 સુધારા પર ચર્ચા થઈ હતી અને એનો નિકાલ કરવામાં આવ્યો હતો.

કુલ 299 સભ્યોમાંથી 284 સભ્યોએ બંધારણ પર હસ્તાક્ષર કર્યા હતાં.

બંધારણસભાએ બંધારણ ઘડવાની જુદી-જુદી કામગીરી માટે કુલ 13 સમિતિની રચના કરી હતી. એમાંથી આઠ મુખ્ય સમિતિઓ હતી અને અન્ય ગૌણ સમિતિઓ હતી.

બંધારણસભાની 8 મુખ્ય સમિતિઓનાં નામ

- મુસદ્દા સમિતિ
- કેન્દ્રીય અધિકાર સમિતિ
- કેન્દ્રીય બંધારણ સમિતિ
- પ્રાંતીય બંધારણ સમિતિ
- મૂળભૂત અધિકારો, લઘુમતીઓ અને અનુસૂચિત જનજાતિ અને બાકાત વિસ્તારો પરની સલાહકારક સમિતિ
- પ્રક્રિયા સમિતિનાં નિયમો
- રાજ્યોની સમિતિ
- સંચાલન સમિતિ


24 જાન્યુઆરી, 1950નાં રોજ આયોજિત બંધારણસભાનાં અંતિમ સત્રમાં સરદાર વલ્લભભાઈ પટેલ.

બંધારણસભા દ્વારા સ્વીકૃતિ 22 જુલાઈ, 1947નાં રોજ રાષ્ટ્રધ્વજનો સ્વીકાર કરવામાં આવ્યો
24 જાન્યુઆરી, 1950નાં રોજ રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીતનો સ્વીકાર કરવામાં આવ્યો

આધુનિક ભારતીય કળાનાં પ્રવર્તક શ્રી નંદલાલ બોઝે બંધારણનાં દરેક પાનાનાં હાંસિયાની ડિઝાઇન બનાવી હતી અને એને કળાત્મક રીતે સુશોભિત કર્યું હતું.

આ લેખનકાર્ય પૂર્ણ કરવામાં એમને 6 મહિના લાગ્યા હતાં અને આ કામગીરી માટે એમણે કોઇ પૈસા લીધા નહોતા.


બંધારણ સભાના સભ્યો 1950ના ગ્રૂપની તસવીર

## બંધારણ સભા અને તેના અગ્રણી સભ્યો

કેબિનેટ મિશનની ભલામણ મુજબ, બંધારણસભાનાં સભ્યોની પસંદગી પ્રાંતીય ધારાસભા દ્વારા પરોક્ષ ચૂંટણીઓ દ્વારા કરવામાં આવી હતી. ધારાસભામાં 299 સભ્યો હતા, જે પૈકી 229 પ્રાંતો અને 70 રાજ્યોનું પ્રતિનિધિત્વ કરતા હતાં.

ધારાસભામાં નીચે મુજબના કેટલાક પ્રતિષ્ઠિત સભ્યો સામેલ હતા


ડૉ. રાજેન્દ્રપ્રસાદ
સરદાર વલ્લભભાઈ પટેલ
જવાહરલાલ નેહરુ
ડૉ. બી આર આંબેડકર
ગોવિંદ વલ્લભ પંત
મૌલાના અબુલ કલામ
આઝાદ
સરોજિની નાયડુ
રાજકુમારી અમૃત કૌર
જે. બી. ક્રિપલાની
સી. રાજગોપાલાચારી
શરતચંદ્ર બોઝ

અસફ અલી
શ્યામા પ્રસાદ મુખરજી
હંસા મહેતા
ગોપીનાથ બોર્ડોલોઇ
હરેન્દ્ર કુમાર મુખરજી
બિનોદાનંદ ઝા
દુર્ગાબાઇ દેશમુખ
ફ્રેન્ક એન્થની
જયપાલ સિંહ મુંડા
હરગોવિંદ પંત
જોહન મથાઈ

બેગમ એઝાઝ રસુલ
કે. એમ. મુન્શી
સર્વપલ્લી રાધાક્રિષ્નન
અમ્મુ સ્વામીનાથન
એમ. અનંથાસયનામ આયંગર
અલ્લાદી ક્રિષ્નાસ્વામી ઐય્યર
બી. પટ્ટાભી સીતારમૈયા
ટી. પ્રકાશમ
એન. સંજીવ રેડ્ડી
એસ. નિજલિંગપ્પા
જી. વી. માવળંકર

પદમપત સિંઘાનિયા
પુરુષોત્તમદાસ ટંડન
સુચેતા ક્રિપલાની
હસરત મોહાની
રફી અહમદ કિડવાઇ
અનુગ્રહ નારાયણ સિંહા
જગજીવન રામ
સચ્ચિદાનંદ સિંહા
સત્યનારાયણ સિંહા
શ્રી ક્રિષ્ન સિંહા
શેઠ ગોવિંદ દાસ

હરિ સિંહ ગૌર
પંજાબરાવ એસ. દેશમુખ
રવિ શંકર શુક્લા
હરેકૃષ્ણા મહતાબ
એની મસ્કરીન
જીવરાજ નારાયણ મહેતા
મોતુરી સત્યનારાયણા
દીપ નારાયણ સિંહ
સર સૈયદ મુહમ્મદ સાદુલ્લાહ
કે કામરાજ
પી સુબ્બારાયન


I beg to move, Sir,

"That it be resolved that:

(1) After the last stroke of midnight, all members of the Constituent Assembly present on this occasion do take the following pledge:

'At this solemn moment when the people of India, through suffering and sacrifice, have secured freedom, I, .............. a member of the Constituent Assembly of India, do dedicate myself in all humility to the service of India and her people to the end that this ancient land attain her rightful place in the world and make her full and willing contribution to the promotion of world peace and the welfare of mankind.'

(2) Members who are not present on this occasion do take the pledge (with such verbal changes as the President may prescribe) at the time they next attend a session of the Assembly."

બંધારણ સભાનાં સભ્યો દ્વારા પ્રતિજ્ઞા.

# નાગરિકતા અને મૂળભૂત ફરજો

## આપણા બંધારણની આવશ્યક ખાસિયત



> “ફરજને સારી રીતે અદા કરવી એ જ અધિકાર ”
>
> મહાત્મા ગાંધી

ભારત સરકાર આપણી નાગરિકતા અને મૂળભૂત ફરજો વિશે વધારે જાગૃતિ લાવવા તમામ ભારતીય નાગરિકો સુધી પહોંચી છે (26 નવેમ્બર, 2019થી 26 નવેમ્બર, 2020). #itsmyduty અભિયાનમાં જોડાવ

મુખ્ય ઉદ્દશો

- ભારતનાં લોકો સુનિશ્ચિત કરે છે કે, તેઓ બંધારણનાં તથા તેમાં સામેલ મૂલ્યો અને સિદ્ધાંતોનાં સાચા સંરક્ષકો છે.
- તમામ નાગરિકોને પોતાનાં સાથી નાગરિકો અને દેશ પ્રત્યેની ફરજો યાદ કરાવવી.
- નાગરિકોને રાષ્ટ્રપ્રેમ પર ગર્વ કરવા પ્રોત્સાહન આપવું.
- દેશ પ્રત્યે શિસ્ત અને પ્રતિબદ્ધતાની ભાવના જગાવવામાં મદદ કરવી તથા રાષ્ટ્રનિર્માણમાં નાગરિકોની ઊર્જાને સકારાત્મક દિશામાં વાળવી.

# મૂળભૂત ફરજો – મહત્વ અને ઉમેરો

> “હું મારી ફરજો મારી માતાનાં ખોળામાંથી શીખ્યો છું. એ ગામડાની અભણ મહિલા હતી....એ મારો ધર્મ જાણતી હતી. એટલે મારાં બાળપણમાંથી અમે અમારો ધર્મ શું છે એ શીખ્યાં છીએ અને એને અનુસરવાનો પ્રયાસ કરીએ છીએ. પછી જ અમે અમારા અધિકારોનો વિચાર કરીએ છીએ.... એનું સુંદર પાસું એ છે કે, ફરજની અદાયગી આપણાં અધિકારો સુરક્ષિત કરે છે. અધિકારોને ફરજથી અલગ ન કરી શકાય. આ જ રીતે સત્યાગ્રહનો જન્મ થયો હતો, હું મારી ફરજ શું હતી એ નિર્ણય લેવા હંમેશા આતુર રહેતો હતો. " ”
>
> **મહાત્મા ગાંધીએ 28 જૂન, 1947નાં રોજ દિલ્હીમાં પ્રાર્થનાસભામાં મૂળભૂત ફરજોનાં મહત્વ વિશે કહ્યું હતું કે,**

આપણા બંધારણમાં 11 મૂળભૂત ફરજોનાં સમાવેશ પાછળનો મૂળ વિચાર એ હતો કે, નાગરિકો જે અધિકારો ભોગવે છે એની સામે એમની જવાબદારીઓ પર ભાર મૂકવો.

**મૂળભૂત ફરજો સન્માન, ગર્વ, સહિષ્ણુતા, શાંતિ, વિકાસ અને સંવાદિતાનાં મુખ્ય મૂલ્યો પર કેન્દ્રિત છે.**

વર્ષ 1976માં 42માં બંધારણીય સુધારા દ્વારા પ્રસ્તુત મૂળભૂત ફરજો નાગરિકોની દેશ પ્રત્યેની મૂળભૂત, નૈતિક અને ફરજિયાત ફરજો સૂચવે છે.

**જ્યારે મૂળભૂત ફરજોને બંધારણમાં સમાવવાની ભલામણ કરવા સમિતિની રચના કરવામાં આવી હતી, ત્યારે સમિતિએ અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે, આ પગલાની જરૂર એ બાબત સુનિશ્ચિત કરે છે કે, જ્યારે નાગરિકો તેમનાં મૂળભૂત અધિકારોનો ઉપયોગ કરશે, ત્યારે તેમની ફરજોની ઉપેક્ષા નહીં કરે.**

11મી મૂળભૂત ફરજ બાળકો માટે શિક્ષણની તકો સાથે સંબંધિત છે, જેને વર્ષ 2002 માં 86માં સંશોધિત કાયદા દ્વારા બંધારણમાં ઉમેરવામાં આવી હતી.

મૂળભૂત ફરજો પરની પ્રેરણા યુએસએસઆર, જાપાન અને ચીનનાં બંધારણમાંથી મળી હતી.

આપણી મૂળભૂત ફરજો એક આચારસંહિતા છે, જેનો ઉદ્દેશ ભારતીયોની જીવન પદ્ધતિને પ્રોત્સાહન આપવાનો છે. તે સમાજ પ્રત્યે શિસ્ત અને કટિબદ્ધતાની ભાવના પ્રગટ કરે છે.

મૂળભૂત ફરજોનો આશય દરેક નાગરિકને સતત સજાગ રાખવાનો છે કે, જ્યારે બંધારણે તેમને ચોક્કસ મૂળભૂત અધિકારો આપ્યાં છે, ત્યારે નાગરિકોએ લોકતાંત્રિક વલણ અને લોકતાંત્રિક વર્તણૂંકનાં ચોક્કસ મૂળભૂત નિયમોનું પાલન કરવાની પણ જરૂર છે, કારણ કે અધિકારો અને ફરજો વચ્ચે સહસંબંધ છે.

> “લોકશાહીથી ફક્ત સરકારની રચના થતી નથી.... તે આપણા સાથી નાગરિકો પ્રત્યે સન્માન અને આદર વ્યક્ત કરવાનો આવશ્યક અભિગમ છે. ”
>
> ડૉ. બી આર આંબેડકર

> “ દરેક ભારતીયે ભૂલી જવું જોઇએ કે તેઓ રાજપૂત છે, શીખ છે કે જાટ છે. તેમણે યાદ રાખવું પડશે કે તેઓ સૌપ્રથમ ભારતીય છે અને તેમને ભારતમાં તમામ અધિકાર છે, પણ ચોક્કસ ફરજો સાથે ”
>
> સરદાર વલ્લભભાઇ પટેલ

નાગરિકો અને મૂળભૂત ફરજો સક્રિય સહભાગીદારી દ્વારા આપણાં રાષ્ટ્રીય લક્ષ્યાંકો હાંસલ કરવામાં મદદ કરી શકે છે.

ઓક્ટોબર, 1999માં ન્યાયમૂર્તિ વર્માની અધ્યક્ષતામાં એક સમિતિએ દેશનાં નાગરિકોને મૂળભૂત ફરજો શીખવવા માટેનાં સૂચનો પર એક રિપોર્ટ સુપરત કર્યો હતો.

# નાગરિકતાની ફરજો પર જાગૃત થાવ

- ભારતીય બંધારણની પ્રસ્તાવના વાંચો, ઓનલાઇન પ્રતિજ્ઞા પર હસ્તાક્ષર કરી અને MyGov.in પર તુરંત તેનું પ્રમાણપત્ર મેળવો
- MyGov.in પર ઓનલાઇન બંધારણ દિવસ પ્રશ્નોત્તરી અને નિબંધ સ્પર્ધામાં ભાગ લો
- www.doj.gov.in પરથી પોસ્ટર્સ, બ્રોશર અને અન્ય પ્રચાર સામગ્રી ડાઉનલોડ કરો


> “ હું તમને ઓછામાં ઓછો એક નિર્ધાર લેવા તથા દેશ પ્રત્યે તમારી ફરજો અને જવાબદારીનો વિચાર કરવા અપીલ કરું છું. ફરજનાં માર્ગે ચાલવા, 130 કરોડ ભારતીયોનાં પ્રયાસો અને 130 કરોડ નિર્ધારોથી દેશ માટે ઘણું કરી શકાશે. ”
>
> નરેન્દ્ર મોદી
> પ્રધાનમંત્રી
> સ્વચ્છ ભારત દિવસ, 2019નાં રોજ

@DoJ_India અને @MyGov. Join #itsmyduty પર અમને ફોલો કરો.

ભારતીય બંધારણ અને બંધારણીય ફરજો વિશે સંપૂર્ણ જાણકારી મેળવવા http://legislative.gov.in/constitution-of-india ની મુલાકાત લો.

ન્યાય વિભાગ
Department of Justice
ભારત સરકાર
Government of India
सत्यमेव जयते

# બંધારણમાં 11 મૂળભૂત ફરજો સામેલ છે (ભાગ ચોથો-એ, કલમ 51એ)




**આપણા બંધારણમાં મૂળભૂત ફરજોનો ઉમેરો માનવાધિકારોની સાર્વત્રિક જાહેરાતની કલમ 29(1) સાથે સુસંગતતા ધરાવે છે.**

> “ જ્યારે આપણે વૈશ્વિક નાગરિક તરીકેની ફરજ અદા કરીએ, ત્યારે જ તે આપણને જીવનનો અધિકાર આપે છે. આ એક મૂળભૂત નિવેદનથી કદાચ પુરુષ અને સ્ત્રીની ફરજોને પરિભાષિત કરવી સરળ છે તથા દરેક અધિકારને કેટલીક સંબંધિત ફરજ સાથે જોડવાનું કામ સૌપ્રથમ કરવું જોઇએ. ”
>
> મહાત્મા ગાંધીએ

## મૂળભૂત ફરજો અને અધિકારો એક સિક્કાની બે બાજુ છે

મહાત્મા ગાંધીએ કહ્યું છે કે, “ફરજનું મૂળ અધિકારમાં રહેલું છે. જો આપણે આપણી ફરજો અદા કરીએ, તો અધિકારો આપણને મળશે.”

જ્યાં સુધી નાગરિકો તેમની મૂળભૂત ફરજો સાથે તેમનાં મૂળભૂત અધિકારો પૂરાં ન કરે, ત્યાં સુધી સમાજમાં લોકશાહીનાં મૂળિયાં ઊંડે સુધી ઉતરી ન શકે

દરેક અધિકાર સંબંધિત ફરજ ધરાવે છે. વ્યક્તિની નાગરિક તરીકેની ફરજ અદા કરવાથી અન્ય વ્યક્તિઓનાં અધિકારો સુનિશ્ચિત થાય છે.

જ્યારે આપણે આપણી ફરજો અદા કરીએ, ત્યારે જ આપણને આપણાં અધિકારો મળે છે.